# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૮/૦૫/૨૦૧૮ થી તા.03/૦૬/૨૦૧૮

### અખબારી યાદી તા.૨૮/૦૫/૧૮

### કોઠ પો.સ્ટે.ના ચકચારી ખૂનના ગુન્હાનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલતી અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી.

.................................................................................

ગઇ તા.૧૭/૦૫/૧૮ ના કલાક ૧૬/૩૦ વાગે કોઠ ગામની સીમ, નર્મદા માઇનોર કેનાલ નજીક ખેતરના શેઢે થી એક અજાણી સ્ત્રિ ઉવ. ૩૦ ના આશરાની લાશ ડી-કંમ્પોઝ થયેલ હાલતમાં મળી આવેલ જે સંબધે પ્રથમ અ–મોત દાખલ કરી શ્રી એચ.વી.પટેલ પો.સ.ઇ.શ્રી કોઠ નાઓએ લાશનુ પી.એમ. કરાવી લાશની ઓળખ માટે પ્રયાસ હાથ ધરેલ દરમ્યાન મરનાર સ્ત્રિના પર્સમાંથી મળી આવેલ મોબાઇલ ફોનના સીમ આધારે મરનારની ઓળખ આંણદ જીલ્લાના ઉમરેઠ તાલુકાના ધોરા ગામના મહિડાની દિકરી અને સુરેન્દ્રરનગર જીલ્લાના ચુડા તાલુકાના વેરાવદર ગામે રાણા પરીવારમાં પરણાવેલ અને હાલ પતીથી અલગ સાંણદ તાલુકાના સોયલા ગામે ભાડાના મકાનમાં રહેતા રંજનબેન વા/ઓ દિગુભા જયેન્દ્રસીહ રાણા ઉ.વ. ૩૨ તરીકે સુનિશ્ચિત થયેલ આમ, લાશ ઓળખ થતા મરનારનો મોબાઇલ ફોન ગુમ થયેલાનુ જણાઇ આવેલ દરમ્યાન મરનારની પી.એમ.નોટમાં મોતનુ કારણ ગળુ દબાવી શ્ર્વાસ રૂધાવાના કારણે થયેલાનુ લખાઇ આવતા મરનારના બહેન પાયલબેન વા/ઓ શક્તિસિંહ ગંભીરસિંહ ઝાલા રહે. ગેપપરા, સાંણદ નાઓની ફરીયાદ આધારે મરનાર રંજનબેન ઉ.વ. ૩૨ નુ કોઇ અજાણ્યા ઇસમે કોઇ અગમ્ય કારણોસર મોત નિપવાવી મોબાઇલ ફોન લઇ ગયેલ મતલબે કોઠ પો.સ્ટે.માં અજાણ્યા ઇસમ વિરૂધ્ધ ખૂન વીથ લૂંટનો ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી, એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધવા ખાસ સુચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી.એન.બી. બારોટ, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી

આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ.શ્રી. આર.એમ.વસૈયા, અને એલ.સી.બી. ટીમે ગુન્હાવાળી જગ્યાની વીઝીટ કરી વ્યુહાત્મ જગ્યાના સેલ આઇ.ડી. મેળવી ફરીયાદિશ્રી/સોહદોની પૂછપરછમાં મરનારને પોતાના પતિથી સાથે અણ બનાવ બનતા છેલ્લા દોઢેક વર્ષથી પોતાના બે પુત્રો-પ્રતિપાલ અને યશપાલ સાથે પતિથી અલગ સોયલા ગામે રહેતા હતા દરમ્યાન તા.૧૨/૦૫/૧૮ ના રોજ નડિયાદ જવાનુ કહી પોતાના ઘરેથી નિકળેલ ત્યારબાદ ગુમ થયેલ એટલી હકિકત પ્રાપ્ત થયેલ પરંતુ ગુન્હો ઉકલેવામાં મદદરૂપ થાય તેવી કોઇ ઠોસ કડી હાથ લાગેલ નહિ,

જેથી મરનાર સાથે સંર્પક ધરાવતા પુરૂષ-મિત્રો, અને મોબાઇલ ફોનની મુવમેન્ટમાં મરણજનારની અવાર-નવાર બગોદરાની મુલાકાત આધારે ગુન્હાનુ એ.પી.સેન્ટર બગોદરાના અનુમાન સાથે ચોકકસ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી ગુન્હો શોધવા કવાયત હાથ ધરેલ તેના પરીણામ સ્વરૂપ ચોકકસ બાતમી આધારે ઇ.પો.ઇન્સ. શ્રી એલ.સીબી. અને ટીમે સાઉથ-બોપલ, સોબો ચાર રસ્તા ખાતે વોચ ગોઠવી ભારે જહેમતથી લૂંટમાં મેળવેલ મોબાઇલ ફોન સાથે એક ઇસમને ઝડપિ પાડેલ

<u>લૂંટના મોબાઇલ સાથે એક ઇસમ ઝડપાયો</u>

(૧) અરવિંદભાઇ ઉર્ફે અરકુન સ/ઓ કનુભાઇ સોમાભાઇ જખવાડિયા (પગી) ઉ.વ. ૩૨ રહે. પગી ફળીયુ, બગોદરા ગામ, તા.બાવળા

ઉકત આરોપીની અટકાયત કરી આગવી ઢબે પૂછપરછમાં હાલના ગુન્હાની કબૂલાત કરતી કેફિયત આપેલ

<u>ગુન્હાને કેવી રીતે અંજામ આપેલ</u>

ગઇ તા.૧૨/૦૫/૧૮ નારોજ મરણજનાર રંજનબેન નડિયાદ જવા રોહિકા ચોકડીના બદલે ધંધુકા ત્રણ રસ્તે ભૂલથી ઉતરેલા દરમ્યાન આરોપીનો ભેટો થતા રોહિકા ત્રણ રસ્તા સુધિ મૂકી જવા મરણજનાર બેનએ આરોપીને જણાવતા આરોપી રોહિકા ત્રણ રસ્તા સુધિ મૂકવા જતા દરમ્યાન રસ્તામાં આરોપીની દાનત બગડતા મરણજનારબેનને ગણપતિપુરા મંદિર દર્શન કરવાના બાહના હેઠળ ટપરપુરા થઇ ચાલતા જતા રસ્તામાં એકાંત અને અવાવરૂ જગ્યા આવતા આરોપીએ મરણજનાર બેન પાસે અ-ઘટિત માગણી કરતા મરણજનારે આનાકાની કરેલ તે બાબતે રકઝક થતા ઝપઝપીમાં મરનારનુ પોલકુ ફાટી જતા મરણજનાર બળાત્કારની ફરીયાદ

*કરશે તેવો ડર લગતા ગળુ દબાવી મોત નિપજાવી લાશ સ્થળ ઉપર છોડી ફરાર થઇ ગયેલ*

આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી. ધ્વારા સદરી વીક દરમ્યાન ઉક્ત સારી અને પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

*(મનોહરસિહ એન.જાડેજા)*
*ઇ/ચા.પોલીસ અધિક્ષક*
*અમદાવાદ રૂરલ અમદાવાદ*